# મોટેરા સ્ટેડિયમનું લોકાર્પણ નહીં, માત્ર કાર્યક્રમ


## કૈલાશ ખેર, પાર્થિવ ગોહિલ, પુરૂષોતમ ઉપાધ્યાય, કિંજલ દવે અને કિર્તિદાન ગઢવી તેમના પરફોર્મન્સની જમાવટ કરશે : નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમની તૈયારીઓ

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને મોદીની તા.૨૪ ફેબ્રુઆરીની અમદાવાદ મુલાકાતને લઈ




પૂરજોશમાં તૈયારીઓ થઈ રહી છે. ખાસ કરીને અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાનાર નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે અને આજે મીડિયા ટીમ સાથે પોલીસ અધિકારીઓ અને જીસીએના હોદ્દેદારોએ તૈયારીઓનું નીરીક્ષણ કર્યું હતું. નોંધનીય અને મહત્વની વાત એ છે કે, તા.૨૪ ફેબ્રુઆરીએ મોટેરા સ્ટેડિયમનું લોકાર્પણ નહી થાય માત્ર સ્ટેડિયમમાં નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ જ યોજાવાનો છે. આ અંગે ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના વાઈસ પ્રેસીડન્ટ ધનરાજ નથવાણીએ સ્ટેડિયમના ઉદ્‌ઘાટન અંગે જણાવ્યું કે, આ કાર્યક્રમ ટ્રમ્પના ભવ્ય સ્વાગત માટે છે, સ્ટેડિયમનું સત્તાવાર ઉદ્‌ઘાટન કરવામાં આવશે નહીં. બીજીબાજુ, ટ્રમ્પ-મોદીના કાર્યક્રમ દરમ્યાન જમાવટ કરવા માટે સુપ્રસિધ્ધ કલાકારો કૈલાશ ખેર, પાર્થિવ ગોહિલ, પુરૂષોતમ ઉપાધ્યાય, કિંજલ દવે અને કિર્તિદાન ગઢવી સહિત અન્ય કલાકારો પણ પર્ફોર્મ કરશે. ઉલ્લેખનીય છે કે, શહેરના મોટેરા સ્ટેડિયમમાં ૧ લાખ ૧૦ હજાર પ્રેક્ષકો વચ્ચે મોદી અને ટ્રમ્પનો ખાસ કાર્યક્રમ યોજાવાનો છે તેની સલામતી અને સુરક્ષાની સાથે સરળતાથી પ્રવેશ મળી શકે તે માટેની વ્યવસ્થાનું રિહર્સલ કરવામાં આવ્યું હતું. મોટેરા સ્ટેડિયમની આસપાસ આવેલા પાર્કિંગ પ્લોટમાં કોર્પોરેશન દ્વારા ટોઈલેટવાન અને મેડિકલ વાન પણ આજથી જ મૂકી દેવામાં આવી છે. વિશ્વનું સૌથી મોટું મોટેરા સ્ટેડિયમ તૈયાર થઈ ગયું છે. અંદાજે રૂ.૮૦૦ કરોડના ખર્ચે ૬૩ એકરમાં બનેલા આ સ્ટેડિયમમાં ૧ લાખ ૧૦ હજાર લોકો એક સાથે બેસીને ક્રિકેટની મજા માણી શકશે. મેઈન ગ્રાઉન્ડ ઉપરાંત અન્ય બે





ગ્રાઉન્ડ પણ તૈયાર કરવામાં આવ્યા છે. તેમજ જુદા જુદા પ્રકારની ૧૧ પીચ અને ૩૦૦૦ કાર, એક હજાર ટુ વ્હીલર પાર્ક કરી શકાય તે માટે પાર્કિંગ બનાવવામાં આવ્યા છે. નવા સ્ટેડિયમમાં ટીમ ઈન્ડિયા પહેલી મેચ આવતા વર્ષે ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમશે. ઈંગ્લેન્ડ ભારતના પ્રવાસે જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૧માં ૫ ટેસ્ટની સીરિઝ રમવા આવશે. મોટેરા ખાતે સીરિઝની બીજી મેચ રમાશે, જે ડે-નાઈટ ટેસ્ટ હશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પહેલાની છેલ્લી સીરિઝ અને ભારતમાં માત્ર બીજી ડે-નાઈટ ટેસ્ટ હોવાથી મેચનું મહત્ત્વ વધારે રહેશે. ઉલ્લેખનીય છે કે, મોટેરાએ છેલ્લે ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચ નવેમ્બર ૨૦૧૪માં હોસ્ટ કરી હતી. ત્યારે ભારતે શ્રીલંકાને ૨૭૫ રન ચેઝ કરતા ૬ વિકેટે હરાવ્યું હતું. અંબાતી રાયુડુએ ૧૨૧ અને શિખર ધવને ૭૯ રનની ઈનિંગ્સ રમી હતી. ત્યારબાદ ૫૦ હજારની બેઠક ક્ષમતા ધરાવતા મોટેરાને વર્લ્ડનું સૌથી મોટું સ્ટેડિયમ બનાવવા માટે જુના સ્ટેડિયમને ડિમોલીશ કરવામાં આવ્યું હતું.

## ટ્રમ્પ-મોદીના પોસ્ટર બેનરો પર કોઈનું નામ કેમ નથી-ચર્ચાતો સવાલ

### ઇટ્સ હેપન ઓન્લી ઇન ઇન્ડિયા ટ્રમ્પને કોણે અને કેમ બોલાવ્યા ખબર નથી..!

૨૪મીએ ગુજરાતની મુલાકાતે આવી રહેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સ્વાગત માટે ગુજરાતી અને હિન્દી સહિત અંગ્રેજી ભાષામાં પણ સેંકડોની સંખ્યામાં પોસ્ટર બેનરો અને હોર્ડિંગ્સ બનાવવામાં આવ્યાં છે.

અમદાવાદ અને ગાંધીનગરના રસ્તે ઠેર ઠેર લગાવવામાં




આવેલા આ બેનરોમાં ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફોટા તો કેટલાકમાં શ્રીમતી ટ્રમ્પના ફોટા અને નીચે નમસ્તે ટ્રમ્પ...એમ લખેલું જોવા મળે છે પરંતુ નિમંત્રક કે અન્ય કોઈનું નામોલ્લેખ નથી. તેને લઈને રાજકીય ક્ષેત્રે ચર્ચા છે કે જો આ બેનરો-પોસ્ટરોમાં નિમંત્રકનું નામ કેમ નથી...?! ઉપરાંત તેમાં દોસ્તી મજબૂત કરવાની વાત છે તો કોની સાથે ભારત સાથે કે મોદી સાથે...?

રાજકિય સૂત્રોએ કહ્યું કે સામાન્ય રીતે આવા પ્રસંગે લગાવાતા પોસ્ટર-બેનરોમાં નિમંત્રક કે આમંત્રિત સંસ્થા કે સરકાર કે એજન્સીનું નામ જોવા મળે છે. પરંતુ દુનિયાના સૌથી પાવરફુલ દેશ અમેરિકાના સુપરપાવર સમાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત અને ગુજરાત આવતા હોય ત્યારે તેઓ કોના આમંત્રણથી પધારી રહ્યાં છે તેનું નામ જાણવામાં લોકોને રસ હોય. પોસ્ટર બેનરોમાં નિમંત્રકનું નામ નહીં હોવાથી સવાલ એ થઈ રહ્યો છે કે આવડા મોટા દેશના રાષ્ટ્રપતિ કોના કહેવાથી આવી રહ્યાં છે. દેખીતી રીતે જ ભારત સરકારનું નામ આપવામાં આવી શકે. પરંતુ પોસ્ટરોમાં ક્યાંય પણ કોઈ સરકારનું નામ નથી કે કોઈ સંસ્થા કે સેવાભાવિ સમિતિ વગેરે. કોઈનું નામ દર્શાવવામાં આવ્યું નથી. અને તે કોઈ ભૂલ છે કે જાણીજોઈને નામ ટાળવામાં આવ્યું છે તેની પણ ચર્ચા છે.

સૂત્રોએ કહ્યું કે કેટલાક પોસ્ટરો-બેનરોમાં અંગ્રેજીમાં બે જણાંની દોસ્તીને મજબૂત કરવાનો ઉલ્લેખ છે. ફોટામાં ભારત કે અમેરિકાનો નકશો નથી. માત્ર બે મહાનુભાવોના ફોટા છે ત્યારે તેઓ પોતાની દોસ્તીને મજબૂત કરવા માટે કાર્યક્રમ યોજી રહ્યાં છે કે કેમ...? એવો સવાલ પણ પૂછાઈ રહ્યો છે.

## એરપોર્ટ ઉપર ટ્રમ્પ દંપતિનું લાલ જાજમ પર સ્વાગત થશે

### ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતી ભાતીકલા દેખાશે : એરપોર્ટથી મોટેરા સ્ટેડિયમ સુધીના રોડ શોમાં ભારતના અલગ અલગ રાજ્યોના કલાકારો જોરદાર પરફોર્મ કરશે

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને તેમના પત્ની મલાનિયા ટ્રમ્પનું અમદાવાદ એરપોર્ટ પર તા.૨૪મી ફેબ્રુઆરીએ લાલ જાજમ, શંખનાદ અને શરણાઈના સૂર સાથે ભારે ભાવભર્યું અને ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવશે. ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતી ભાતીગળ



પરંપરા પ્રમાણે ટ્રમ્પ દંપતીનો ભારે આદર સત્કાર કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજય સરકારના તંત્ર દ્વારા ટ્રમ્પ દંપતીના સ્વાગતને લઈને પણ તડામાર તૈયારીઓ અને આયોજન ચાલી રહ્યા છે. ખાસ કરીને અમદાવાદ એરપોર્ટ અને તેની ફરતેના સમગ્ર વિસ્તારમાં સુરક્ષાની લોખંડી વ્યવસ્થા ખડકી દેવાઈ છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મલાનીયા ટ્રમ્પના સ્વાગત માટે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ અમદાવાદ એરપોર્ટ પર જાય તેવી પૂરી શકયતા છે અને તે કારણથી જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક દિવસ પહેલાં જ ગુજરાતમાં પધારે તેવી શકયતા છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મલાનિયાનું અમદાવાદ એરપોર્ટ પર ૧૫૦ ફૂટ પહોળી લાલ જાજમ અને ૧૯ કલાકારોના શંખનાદ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવશે. તા. ૨૪ ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગે એરફોર્સ વન વિમાનમાં સીધા જ અમેરિકાથી અમદાવાદ આવી રહેલા ટ્રમ્પ અને તેમના પત્ની મલાનિયાને આવકારવા માટે અમદાવાદ એરપોર્ટ પર લાલ જાજમની બંને બાજુ ૧૧૬ કલાકારો બેડાં નૃત્ય, ઢોલ ભૂંગળી શરણાઈ, ફૂલ મંડળી, નનૈયા ઢોલ, જેવા પરંપરાગત ગુજરાતી કાર્યક્રમ યોજવામાં આવશે. આ ઉપરાંત અલગ અલગ ૧૪ ગ્રુપના ૨૫૦થી વધુ કલાકારો પણ નૃત્ય કરીને ટ્રમ્પ દંપતીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

# મોદીના ફેસબુક ફોલોઅર્સ વધુ છતાંય તેઓ નંબર વન

### ભારત યાત્રા પહેલા ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા દાવો : ભારતની વસતી વધારે હોવાથી મોદી આગળ છે : ટ્રમ્પ

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફેસબુક ફોલોઈંગને ટાંકીને કહ્યું છે કે, ૧.૫ અબજ ભારતીય લોકોનું પ્રતિનિધિત્વ કરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વસતીની દ્રષ્ટિએ ફેસબુક ઉપર વધારે લીડ મળેલી છે. સત્તાવાર આંકડા મુજબ ભારતની વસતી ૧.૩ અબજ છે. આગામી સપ્તાહમાં ટ્રમ્પ ભારતની યાત્રા ઉપર આવી રહ્યા છે. તેમના કહેવા મુજબ ફેસબુક ઉપર ફોલોઅર્સના મામલામાં મોદી બીજા સ્થાને છે. તેઓ પોતે પ્રથમ સ્થાને છે. આની માહિતી ફેસબુકના કારોબારી અધ્યક્ષ માર્ક ઝુકરબર્ગે પોતે તેમને આપી છે. ટ્રમ્પે લાસવેગાસમાં આયોજિત કાર્યક્રમમાં બોલતા કહ્યું છે કે, તેઓ આગામી સપ્તાહમાં ભારત પહોંચી રહ્યા છે. અમે લોકો સાથે વાતચીત કરી રહ્યા છે. મોદી પાસે ૧.૫ કરોડ લોકો છે. મોદી ફેસબુક પર બીજા સ્થાને છે. પ્રથમ સ્થાને ટ્રમ્પ છે. ગુરુવારના દિવસે




ફેસબુક પર આ આંકડો મળ્યો છે કે, નરેન્દ્ર મોદીને ફેસબુક પર ૪ કરોડ ૪૦ લાખ લોકો ફોલો કરે છે જ્યારે ટ્રમ્પને બે કરોડ ૭૦ લાખ લોકો ફોલો કરે છે. અમેરિકાની કુલ વસતી ૩૨ કરોડ ૫૦ લાખ છે. પોતાના સંબોધનમાં ટ્રમ્પે કહ્યું હતું કે, હાલમાં જ ફેસબુક પર નંબર વન પર રહેવા બદલ ઝુકરબર્ગે તેમને શુભેચ્છા પાઠવી હતી. ફેસબુક પ્રમુખ દ્વારા ત્રણ સપ્તાહ પહેલા આવેલા આંકડામાં આ મુજબની વાત કરી છે. ટ્વિટર ઉપર પણ આંકડામાં કોણ આગળ છે તેને લઈને વાત કરવામાં આવી છે. આ મામલામાં નરેન્દ્ર મોદી આગળ છે. તેમની પાસે ૧.૦૫ અબજ લોકો છે. ટ્રમ્પની પાસે ૩૫ કરોડ લોકો છે. અમેરિકી પ્રમુખે ફેસબુક પર લોકપ્રિયતાના સંદર્ભમાં પોતાને પ્રથમ સ્થાને હોવા અને નરેન્દ્ર મોદી બીજા સ્થાને હોવાની વાત ટ્રમ્પે પ્રથમ વખત કરી નથી. ગયા સપ્તાહમાં જ આવી જ રીતે દાવાને લઈને ટ્વિટર પર પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી. ગયા મહિનામાં વિશ્વ આર્થિક મંચની બેઠકથી અલગ દાવોસમાં એક મુલાકાતમાં ટ્રમ્પે કહ્યું હતું કે, તેઓ ફેસબુક પર નંબર વન છે.

## ટ્રમ્પની સાથે પુત્રી ઈવાન્કા પણ ભારત યાત્રા પર હશે

### ઇવાન્કા દ્વારા ટ્રમ્પના કાર્યક્રમો નક્કી કરાયા છે

અમેરિકી પ્રમુક ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪મી ફેબ્રુઆરીના દિવસે ભારત યાત્રા ઉપર પહોંચી રહ્યા છે. યાત્રાના ભાગરુપે સમગ્ર ભારત તૈયારીમાં વ્યસ્ત છે. એવા પ્રયાસ થઈ રહ્યા છે કે, ટ્રમ્પનું સ્વાગત એ રીતે કરવામાં આવે જેવું સ્વાગત હજુ સુધી કોઈનું પણ થયું નથી. ડોનાલ્ડ ટ્રમ્પની સાથે



તેમની પુત્રી ઈવાન્કા પણ ભારત આવી રહી છે. ટ્રમ્પના કાર્યક્રમમાં પણ તેની ભૂમિકા રહેલી છે. ઈવાન્કા જ ટ્રમ્પની મુખ્ય સલાહકાર તરીકે પણ છે. તે પોતાના પિતાની સાથે ભારત યાત્રા પર આવી રહી છે. ઈવાન્કા આ પહેલા પણ ભારત આવી ચુકી છે.

૨૮મી નવેમ્બર ૨૦૧૭ના દિવસે હૈદરાબાદમાં આયોજિત ગ્લોબલ સમિટમાં ઈવાન્કા ભાગ લેવા માટે પહોંચી હતી. ઈવાન્કાની યાત્રાને લઈને પણ રોમાંચકતા દેખાઈ રહી છે. ૩૯ વર્ષીય ઈવાન્કા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રથમ પત્નિ ઈવાના ટ્રમ્પના પુત્રી છે. ઈવાન્કાનો જન્મ ૧૯૮૧માં થયો હતો. ઈવાન્કાની માતા એક અમેરિકી મોડલ હતી. એમ માનવામાં આવે છે કે, જ્યારે ટ્રમ્પે ઈવાનાને તલાક આપ્યા હતા ત્યારે ઈવાન્કાની વય ૧૦ વર્ષની હતી. ડોનાલ્ડ ટ્રમ્પને તેમના પ્રથમ પત્નિથી ત્રણ બાળકો થયા હતા જેમાં બે પુત્ર અને એક પુત્રી ઈવાન્કાનો સમાવેશ થાય છે.

ડોનાલ્ડ ટ્રમ્પની આ યાત્રા અનેકરીતે મહત્વપૂર્ણ બની રહી છે. અમદાવાદની સાથે સાથે દિલ્હીમાં પણ તેમના કેટલાક કાર્યક્રમો રહેલા છે. ૨૪મીએ સીધીરીતે તેઓ અમદાવાદ પહોંચશે. ત્યારબાદ નમસ્તે ટ્રમ્પ પ્રોગ્રામમાં ભાગ લેશે. આ કાર્યક્રમની તૈયારીઓ પણ સ્ટેડિયમ ખાતે કરી દેવામાં આવી છે. તેમાં લાખોની સંખ્યામાં લોકો પહોંચનાર છે. તમામ સેલિબ્રિટિઓને અહીં આમંત્રણ આપવામાં આવ્યું છે જેમાં ઉદ્યોગપતિઓ, બોલીવુડના કલાકારો, જુદા જુદા ક્ષેત્રોના ટોપના લોકો, ક્રિકેટરોનો સમાવેશ થાય છે.

અમદાવાદ શહેરની સજાવટ માટે પણ જંગી ખર્ચ કરાયો છે. અમદાવાદના સાબરમતી આશ્રમ ખાતે પણ ટ્રમ્પ ટૂંકી મુલાકાત લેનાર છે જેથી આ સ્થળ ઉપર પણ તમામ સુવિધા ઉભી કરવામાં આવી ચુકી છે.

# મંત્રીઓને મોટેરા લઈ જવા વોલ્વો બસની સુવિધા રહેશે

### મંત્રી-ધારાસભ્યોને રવિવારે પહોંચવા તાકિદ સરકાર વતી મંત્રી-ધારાસભ્યોને ટ્રમ્પ મોદીના કાર્યક્રમની ગંભીરતા સમજીને કોઇ સંજોગોમાં મોડુ ના થાય તેવું સૂચન

પીએમ નરેન્દ્ર મોદી અને યુએસ પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના નમસ્તે કાર્યક્રમ માટે રાજ્ય સરકારના મંત્રીઓ અને



ધારાસભ્યોને પણ ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. મંત્રીઓ સહિત ૧૦૦થી વધુ ઉચ્ચ અધિકારીઓને મોટેરા સ્ટેડિયમ લઈ જવા માટે તંત્ર દ્વારા ખાસ વોલ્વો બસની સુવિધા ઉભી કરવામાં આવી છે. આ તમામ આમંત્રિતોને સચિવાલયથી સ્પેશિયલ બસમાં સ્ટેડિયમ સુધી લઈ જવામાં આવશે. તો, વળી, સરકારના મંત્રીઓ અને ધારાસભ્યોને તો આગલા દિવસે રવિવાર રાત્રે જ ગાંધીનગર પહોંચી જવા જણાવાયું છે. ટૂંકમાં રાજય સરકાર તરફથી મંત્રીઓ અને ધારાસભ્યોને પણ ટ્રમ્પ-મોદીના કાર્યક્રમની ગંભીરતા અને સમયની કિંમત સમજીને કોઈપણ સંજોગોમાં મોડુ ના થાય અને કાર્યક્રમની સફળતા માટે સતત પ્રયાસશીલ રહેવા સૂચના અપાઈ છે. રાજ્ય સરકારના મંત્રી અને વરિષ્ઠ અધિકારીઓને સ્ટેડિયમ લઈ જવા માટે એસટી નિગમ તરફથી વોલ્વો બસની વ્યવસ્થા કરવામાં આવનારી છે. આ માટે ગાંધીનગરમાં ત્રણ સ્થળ નિર્ધારિત કરવામાં આવ્યા છે. જેમાં ધારાસભ્ય ક્વાર્ટર, સચિવાલય અને મંત્રીઓના નિવાસસ્થાન છે. આ ત્રણેય સ્થળેથી એકસાથે વોલ્વો બસ ઉપડશે. આમ કરવા પાછળ એવું કારણ દર્શાવવામાં આવી રહ્યું છે કે, રસ્તા પર ટ્રાફિકની સમસ્યા તથા સ્ટેડિયમમાં એસપીજીની સિક્યોરિટી ચેકિંગ દરમિયાન કોઈ તકલીફ ન પડે એ માટે બધાને એકસાથે જ બસ દ્વારા સ્ટેડિયમમાં લઈ જવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં હાજરી આપવા માટે રાજ્ય સરકારે ધારસભ્યો અને મંત્રીઓને રવિવાર રાતથી જ ગાંધીનગર આવી જવા માટે કહેવામાં આવ્યું છે. ધારાસભ્યોને એમએલએ ક્વાર્ટર્સ તથા મંત્રીઓને મંત્રી નિવાસસ્થાને પહોંચી જવા આદેશ આપવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. સરકાર તરફથી મંત્રીઓ અને ધારાસભ્યોને ટ્રમ્પ-મોદીના કાર્યક્રમમાં મોડુ ના થાય તેની ખાસ કાળજી રાખવા સૂચના આપવામાં આવી છે અને કાર્યક્રમ સફળ રહે તે માટે સક્રિય રહેવા તાકીદ કરાઈ છે.

## મોદી-ટ્રમ્પના રોડ શોને લઈને મેયર દ્વારા દુવિધાને દૂર કરાઈ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શો અને તેના રૂટને લઈ ભારે દ્વિધાભરી સ્થિતિ પ્રવર્તી રહી છે ત્યારે આજે શહેરના મેયર શ્રીમતી બીજલબહેન પટેલે સમગ્ર રૂટના મામલે ફરી એકવાર સ્પષ્ટતા કરી રૂટનો માર્ગ જાહેર કર્યો હતો. આજે મેયર બીજલ પટેલે જણાવ્યું હતું કે, ટ્રમ્પ અને મોદીના રોડ શોનો રૂટ એરપોર્ટથી ગાંધીઆશ્રમ તરફ અને ત્યાંથી એરપોર્ટ થઈ ઈન્દિરાબ્રીજ થઈ મોટેરા સુધીનો જ છે. રોડ શોની તૈયારીઓ એરપોર્ટ, ડફનાળા થઈ ગાંધીઆશ્રમ તરફના રોડ પર કરવામાં આવી છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તા.૨૪મી ફેબ્રુઆરીએ એરપોર્ટથી રોડ શો કરી સીધા મોટેરા ક્રિકેટ સ્ટેડિયમ જવાના છે. પહેલા તેઓ ગાંધીઆશ્રમ થઈ રોડ શો કરવાના હતા, પરંતુ હવે ગાંધીઆશ્રમની મુલાકાત રદ થતાં રોડ શો ક્યાંથી થશે તે મામલે અસમંજસ ચાલી રહી હતી.

જો કે, સંભવિત તૈયારીઓને જોતા ટ્રમ્પ અને મોદીનો રોડ શોનો કાફલો સુભાષબ્રિજથી યુ ટર્ન મારી પરત એરપોર્ટ તરફ આવશે અને ત્યાંથી ઈન્દિરાબ્રિજ થઈ મોટેરા જશે. મ્યુનિસિપલ કોર્પોરેશને ટ્વીટ કરેલા વીડિયોમાં એરપોર્ટથી મોટેરાના રસ્તે સાંસ્કૃતિક ઝાંખી કરાવતો ભવ્ય રોડ શોનો ઉલ્લેખ છે.

# મોટેરામાં બે હજારથી વધારે ઉદ્યોગકારો ઉપસ્થિત રહેશે

અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાનાર નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ગુજરાતના બે હજારથી વધુ ઉદ્યોગપતિઓ અને બિઝનેસમેનોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રાજ્યના ઉદ્યોગ કમિશ્નર અને ઈન્ડેક્સ-બી તરફથી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ સહીત વિવિધ ચેમ્બર ઓફ કોમર્સ અને ઓદ્યોગિક એસોસીએશનને ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના જણાવ્યા પ્રમાણે અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાંથી અંદાજીત ૫૫૦થી વધુ બિઝનેસમેનોએ આ કાર્યક્રમમાં ભાગ લેવાની ઈચ્છા દર્શાવી છે. તેવી જ રીતે સુરત ચેમ્બરે ૬૦૦ અને વડોદરા ચેમ્બરે ૬૦૦ લોકોના નામ નોંધાવ્યા છે. રાજકોટમાંથી લગભગ ૧૦૦ જેટલા ઉદ્યોગપતિઓ પણ ટ્રમ્પને આવકારવાના કાર્યક્રમમાં ભાગ લેશે. બીજીબાજુ, તંત્ર દ્વારા ઉદ્યોગપતિઓ અને બિઝનેસમેનોને પાસ પહોંચાડવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. વડોદરાના ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝના જણાવ્યા પ્રમાણે, નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં ભાગ લેનારા તમામ ઉદ્યોગકારોને ૨૪ ફેબ્રુઆરીએ સવારે ૯ વાગ્યા સુધીમાં અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ પર પહોચવાનું કહેવામાં આવ્યું છે. અહીંથી મોટેરા સ્ટેડીયમ સુધી જવા માટે સરકાર તરફથી અન્ય વાહનની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉદ્યોગ કમિશ્નર દ્વારા આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ઈચ્છુક લોકોની યાદી આપવા કહેવામાં આવ્યું હતું. અમારા તરફથી અમે ૯૫૦ લોકોના નામ મોકલાવ્યા હતા જેમાંથી ૬૦૦ લોકોને આ કાર્યક્રમમાં ભાગ લેવાની મંજુરી મળી છે.